
ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



એમ આર ચૌહાણ
પૂર્વ નાયબ માહિતી નિયામક
મો. ૯૪૨૯૦ ૬૩૯૩૬



દ્રષ્ટિ



રીતુ



મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

\- સંપાદક

# શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનો વાર્ષિક કાર્યક્રમ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકડરી સ્કૂલના વાર્ષિક ઉત્સવ અને તેજસ્વી તારલાઓને સન્માનવાના પ્રસંગે શાળાના ૧૧૦૦ વિદ્યાર્થીઓની હાજરીમાં વિવિધ મહાનુભાવોના હસ્તે ૯૭ વિદ્યાર્થીઓને પૂ. છગનભા મેડલ, પૂ. દાસકાકા પૂ. દિવાળીબા રોકડ પુરસ્કાર, પૂ. માણેકલાલ એમ. પટેલ મેરીટ સ્કોલરશીપ તેમજ નેશનલ કક્ષાએ ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ચેક સ્વરૂપે પુરસ્કાર, રાજ્યકક્ષાએ ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ટ્રેક શુટ અને શાળા કક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને મેડલથી નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૮૯ વિદ્યાર્થીઓએ ભાગ લઈને સર્વ ધર્મની થીમ આધારીત બે કાર્યક્રમો રજૂ કર્યા હતા.

પ્રાર્થના આત્માનો ખોરાક છે. કાર્યક્રમની શરુઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી. શાળાના બાળકો દ્વારા ''મેરે મન કે અંધ તમસમે...'' પ્રાર્થના નૃત્ય સાથે રજૂ કરીને વાતાવરણને દિવ્યતા પ્રદાન કરવામાં આવ્યા બાદ. શાળાના આચાર્યશ્રી બી. કે. પટેલ દ્વારા મહેમાનોને શાબ્દિક સ્વાગત દ્વારા આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ કેળવણી મંડળના ચેરમને વલ્લભભાઈ એમ. પટેલ, પ્રમુખ શ્રી ડૉ. કનુભાઈ પટેલ, મુખ્ય મહેમાન દાતા ભરતકુમાર પટેલ, પ્રભાવતીબેન પટેલ, સવિતાબેન પટેલ તેમજ ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. વિણાબેન પટેલ, કૌશલ્યાબેન પરીખ અને આચાર્યશ્રીના વરદ હસ્તે દિપ-પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રથમ ભાગ ૪૩ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ દ્વારા સર્વધર્મ સમભાવની વંદના આધારિત પ્રસ્તૃત કરવામાં આવ્યો હતો. સાથે સાથે પૂ. છગનભાના કેળવણી અંગે સેવેલા સ્વપ્રને પણ વાચા આપવામાં આવી હતી. ખુબજ રોચક કાર્યક્રમ રહ્યો હતો.

ડૉ. કનુભાઈ પટેલે આ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ ઈનામ વિતરણ કાર્યક્રમમાં ખાસ હાજર રહ્યા હતા અને બાળકોને બિરદાવ્યા હતા. મુખ્ય મહેમાન ભરતકુમાર પટેલ અમેરિકા સ્થિત હોવા છતા આપણા બાળકો વચ્ચે આવીને કાર્યક્રમ માણવાનો લ્હાવો લઈને બાળકોને અભિનંદન આપ્યા હતા અને વારંવાર આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમ ભાગ બે પ્રસ્તુત થયો હતો. બીજા વિભાગમાં પૂ. છગનભાએ સેવેલા સ્વપ્રને સાકાર થતું જોવા મળેલું. પૂ. છગનભાના કેળવણી વિષયક વિચારો તાદશ થતા જોવા મળેલા. આમ, સૌએ કાર્યક્રમને મનભરીને માણ્યો. ઉચ્ચતર માધ્યમિક વિભાગના વી. એમ. પટેલે આભારવિધિ કરી હતી.

સંસ્થાના સુપરવાઈઝર પી. એસ. પટેલ, બિપીનભાઈ પટેલ અને મુકેશભાઈ પટેલ તેમજ શાળાના સમગ્ર સ્ટાફે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ નિષ્ઠાપૂર્વક આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ચેતનાબેન બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્પેશ્યલ આંતરરાષ્ટ્રીય રમતોત્સવમાં ગુજરાતના ત્રણ રમતવીરો ઓસ્ટ્રીયા જશે



ગાંધીનગર, તા. ૩

સ્પેશ્યલ ઓલિમ્પિકસ વર્લ્ડ વિન્ટર ગેમનું આયોજન તા. ૧૪ થી ૨૫ માર્ચ ૨૦૧૭ દરમિયાન ઓસ્ટ્રીયામાં કરવામાં આવ્યું છે. જેમાં ૧૧૦ દેશોના ૨૭૦૦ એથ્લેટ્સ ભાગ લેશે અને ૧૧ ઓલિમ્પિક્સ જેવી જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ માટે સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારત તરફથી ૯૦ ખેલાડીઓ, અંદાજિત ૨૩ કોચની ટીમ ઓસ્ટ્રિયા મુકામે જવાની છે. જેમાં ગુજરાતના ૩ ખેલાડીઓ (૨ છોકરીઓ, ૧ છોકરો), ૨ કોચ (પુરૂષ) એમ કુલ ૫ વ્યક્તિઓ ઓસ્ટ્રિયા જશે. આ એથ્લેટસે જિલ્લાકક્ષાએથી લઈને રાજ્યકક્ષા તેમજ રાષ્ટ્રીયકક્ષાના કોચીંગ કેમ્પમાં તેમજ રાષ્ટ્રીયકક્ષાની ટૂર્નામેન્ટમાં ભાગ લીધા પછી તેઓ પસંદગી પામ્યા અને સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારતના બે પ્રી-પ્રાયોરીટી કેમ્પ કર્યા ત્યારબાદ તેઓ આંતરરાષ્ટ્રીયકક્ષાએ જવા માટે પસંદગી પામ્યા છે. જેઓ ત્રીજો સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારતનો પ્રી-પ્રાયોરીટી કેમ્પ કરવા માટે ૬ માર્ચથી દિલ્હી જશે. ત્યારબાદ ૧૩ માર્ચના રોજ ઓસ્ટ્રીયા રવાના થશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતે આ ટીમને મળીને શુભકામનાઓ અર્પણ કરી હતી.

## જેસીઆઈ ગાંધીનગર દ્વારા માનસિક તણાવ દૂર કરવાના ઉપાયો વિષય પર કાર્યક્રમ યોજાયો




જેસીઆઈ તથા જેસીરેટ (મહિલા વીંગ) ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા સપ્તાહ અંતર્ગત સુરક્ષા મહિલા છાત્રાલય ખાતે 'માનસિક તણાવ દૂર કરવાના ઉપાયો' વિષય પર જેસીઆઈના નેશનલ ટ્રેનર જેસી દિપીકા મહેતા દ્વારા સુંદર ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બધાને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જેસીરેટના પૂર્વ પ્રમુખ કુસુમબેન ગાંધી, મિતાલી ત્રિવેદી, ભૂમિ ગંગલાણી તથા અન્ય સભ્યો શૈલી કારિયા, હેતલ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ જેસી ડૉ. પરાગી દ્વારા આ કાર્યક્રમના સુંદર આયોજન બદલ અખિલ ભારતીય સામાજીક સંઘના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, શ્રીમતી પલ્લવીબેન ગુપ્તે, વૈસાલીબેનનો આભાર વ્યક્ત કર્યો હતો. જેસીઆઈ દ્વારા મહિલા આઈ.ટી.આઈ.માં 'સ્ત્રી આર્ટ તમારા શબ્દકોશમાં છે ?' એ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ૧૨૫થી પણ વધુ મહિલાઓ ભાગ લીધો હતો અને પોતાના પ્રતિભાઓ વ્યક્ત કર્યા હતા. પ્રમુખ જેસી ડૉ. પરાગી જે. ગાંધી દ્વારા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત પ્રતિભાબેન ઠક્કર તેમજ ઊર્વી અમીન, સંસ્થાના આયોજક તેમજ ઉપસ્થિત સ્ટાફનો સમગ્ર સુંદર સંચાલન માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

સમાજની સમજ :
યુવાન વયે તમે
બહારની જ્ઞાતિમાં
લગ્ન કરો
ત્યારે તમારી ટીકા કરે
અને ૩૫ વર્ષ સુધી
કુંવારા રહો
તો બહારની જ્ઞાતિમાંથી
પાત્ર શોધી આપે
એનું નામ સમાજ

## નાઈપરનો ચોથો પદવીદાન સમારંભ આજે ગાંધીનગરમાં યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સ્થિત ટોચના ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન અને રિચર્સ સંસ્થા નાઈપર-અમદાવાદ, તા. ૪થી માર્ચના રોજ નવી માળખાગત સુવિધાઓની સાથે સાથે ચોથો પદવીદાન સમારંભ યોજવા માટે સજ્જ બની છે. ભારત સરકારના રસાયણ અને ફર્ટિલાઈઝર મંત્રાલયના નેજા હેઠળ ૨૦૦૭માં સ્થપાયેલી આ સંસ્થા ફાર્માસ્યુટિકલ અને બાયોમેડિકલ સાયન્ટિસના ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિમાં સંકળાયેલી છે.

આ સમારંભમાં કેન્દ્ર સરકારના કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન મનસુખ માંડવીયા અને ભારત સરકારના ફાર્માસ્યુટિકલ વિભાગના સંયુક્ત સચિવ રજનિસ ટીંગલ હાજરી આપશે. એઆઈએમએસ (એઈમ્સ)ના ફાર્માકોલોજી વિભાગના વડા પ્રો. વાય.કે. ગુપ્તા આ સમારંભના મુખ્ય મહેમાન રહેશે. અન્ય માનવંતા મહેમાનોમાં વીએન ન્યુરો કેર સેન્ટર, મદુરાઈના ડિરેક્ટર ડૉ. નાગરાજન વી. નાઈપર-મોહાલીના સૌ પ્રથમ ડિરેક્ટર પ્રો. સી.એલ. કૌલ, નાઈપર કોલકત્તા, ગૌહાત્તી અને રાયબરેલીના ડિરેક્ટર્સ અનુક્રમે ડૉ. રવિચંદીરન વી., ડૉ. યુ.એન. એસ. મૂર્તિ અને ડૉ. એસ.જે. ફલારો પણ હાજરી આપશે.

# સજદા : સૂફિયાના સંગીતના સ્વરબદ્ધ સૂરોની સુનામી

### ગાંધીનગર કલ્ચરલ ફોરમના વાર્ષિકોત્સવમાં પૂણેના ગાયકોએ અઢી કલાક સુધી સૂફિનાં ગીતોથી જમાવટ કરી : હાસ્યોત્સવમાં ડૉ. જગદીશ ત્રિવેદી અને સુખદેવ ધામેલીયાએ સૌરાષ્ટ્રની લોકબોલી અને હળવી વાતોની રમૂજથી પેટ પકડીને હસાવ્યા




ખ્વાજા મેરે ખ્વાજા... સૂફિ ગીત એટલે એક જ શબ્દનું વારંવાર રટણ કરી પ્રભુ તરફ દૃષ્ટિ કરી સતત ગોળ ગોળ ઘૂમીને ભક્તિ કરવાની પરંપરા. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા વસંતોત્સવ અન્વયે પ્રથમ દિવસે 'સજદા' કાર્યક્રમ આયોજિત કરાયો હતો. પૂણેથી આવેલા સંદિપ પંચવાટકર અને એમની સજ્જ ટીમે 'સજદા' એટલે કે 'આદર' સાથે કરેલા પ્રણામ અને સૂફિયાના ગીતોથી રંગત જમાવી દીધી.

સજદા તેરા સજદા... ગીતથી શરૂ થયેલી સૂફિ સંગીતની યાત્રામાં કૈલાશ ખેરના ગીત તેરે નામ સે જી લું... અને તેરે નૈના બડે દગાબાઝ રે... સાથે શરૂઆતથી જ પ્રેક્ષકો પર પકડ જમાવી દીધી હતી.

તેરી આંખો કે સીવા દુનિયા મેં રખા ક્યા હૈ... જેવી આંખોની અનોખી કહાની કરનારા સંદીપ પંચવાટકર આ કાર્યક્રમના ડિરેક્ટર, કંપોઝર અને કમ્પેરર હતા. એક પણ મિનિટ બગાડ્યા વગર સતત અઢી કલાક સુંદર, તાલબદ્ધ અને સજ્જડ ગીતો પ્રસ્તુત કરીને એમણે પૈસા વસૂલ કાર્યક્રમ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે તેઓ ગત હોળી ટાણે ગાંધીનગરમાં આવ્યા હતા.

પૂણેથી આવેલાં ગાયકોમાં આશિષ દેશમુખ, વિવેક પાંડે બનારસ,ી અખિલેશ પ્રજાપતિ અને રાધિકા દરેકે અફલાતૂન પરફોર્મન્સ આપ્યું. અમુક ગીતો તો કદાચ ઓરિજીનલ સિંગર સાંભળે તો એને પણ આશ્ચર્ય થાય એટલાં સુંદર, શાસ્ત્રીય ગાયકી સાથે સજ્જ થઈને ગવાયાં હતાં.

વસંતોત્સવના બીજા દિવસે વાંસતી વાયરાએ ઉજવાયો હાસ્યોત્સવ

આમાં ગુજરાતના ખ્યાતનામ હાસ્યકાર ડૉ. જગદીશ ત્રિવેદી અને તળપદી ભાષાના મીઠડા કલાકાર સુખદેવ ધામેલીયા ઉપસ્થિત રહ્યા હતા ને યુ ટ્યુબ અને વૉટ્સએપ પર ધમાલ મચાવી માત્ર બાવીસમે વર્ષે બૉમ્બે પહોંચનાર મિમિક્રી આર્ટીસ્ટ શ્યામ રંગીલા પણ પધાર્યા હતા.

હસીએ, હસાવીએ અને હસી કાઢીએની થીમ સાથે ડૉ. જગદીશ ત્રિવેદીએ શરૂ કર્યું કે જે શેરમાં ઈન્વેસ્ટમેન્ટ હોય એની ચિંતા કરવી, બાકીનાની નહીં. દીકરાને ૩૫ ટકા આવ્યા તો કહ્યું કે બાજુવાળીને જો ૯૮ ટકા આવ્યા છે. તો એ કહે કે એને જોવામાં જ તો આટલા ટકા આવ્યા. 'ધૂળ ઢેફા ને પાણા હોય, મળવા જેવા માણા હોય...' એ કવિતામાં ગ્રામ જીવનના વર્ણન અને પ્રસ્તુતિને લોકોએ મન ભરીને વખાણી હતી. ભેગું કરીને જીવે એ શહેરની સંસ્કૃતિ ને ભેગા થઈને જીવે એ ગ્રામ સંસ્કૃતિ. ગામડું એ હૃદયનો જ્યારે શહેર એ મગજનો અવાજ છે. રોટલો એટલે ગ્રાન્ડ ફાધર ઑફ બ્રેડ.

એક ગ્રામીણ પત્નીને કોઈએ પૂછ્યું કે હુ ઈસ ધીસ ગાય ? તો તેણે જવાબ આપ્યો કે આ ગાય નહીં, મારો બળદ છે. વૉટ્સએપ-ડાયપરની સરખામણી સાથે મુંબઈના બંગલાના છ લાખના ટોઈલેટ સામે આશરે અઢી વિઘાના બબ્બે કરોડના ખુલ્લા ટોઈલેટ અને બીડીનો કશ મારતાં મોજ કરીએ... જેવી ચીપ જોક પણ આવી. જગદીશ ત્રિવેદીની બોલીએ સહુ હસતા રહ્યા.

સુખદેવ ધામેલીયાએ સત્ય અને અસત્ય વચ્ચે કેટલું અંતર એમ પૂછીને શરૂઆત કરતાં કહ્યું કે નરેન્દ્ર મોદીનું રાજ અન્નકૂટ જેવું છે. દેખાય મસ્ત, એનાં દર્શન કરાય પણ અડી ન શકાય... ડોશીને ત્રણ વાળ હતા અને એણે અંબોડો, ચોટલો કરવા જેવી ખુમારી બતાવી. એ એટીએમમાં ગઈ અને એન્ટર પીન કહેતાં માથામાંની પીન નાંખતા એટીએમ બંધ કરી આવી... જેવી તદ્દન આજુબાજુ બનતી વાતોમાંથી હાસ્ય ઉપજાવી જાણ્યું.

શ્યામ રંગીલાએ યુ ટ્યુબને કારણે ખાસ્સું નામ કમાયું છે. એમણે નરેન્દ્ર મોદી, લાલુ યાદવ, કેજરીવાલ, રાહુલ ગાંધી, બાબા રામદેવ, પરેશ રાવલ, સુનીલ શેટ્ટી વગેરે કલાકારોના અવાજ કાઢ્યા પણ એ શ્રોતાઓને રીઝવવામાં બહુ સફળ રહ્યા નહીં. યુવાન કલાકાર છે એટલે આવનારા દિવસોમાં પરિપક્વ થઈને સ્ટેજ ગજવશે એવી આશા રાખવી રહી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમનો વસંતોત્સવ ઘ-૫ના ઓપન ઍર થિયેટરમાં વાસંતી વાયરા વચ્ચે બબ્બે ફ્લેવર આપી ગયો. કાર્યક્રમનું સંચાલન હિરેન ભટ્ટે કર્યું હતું.

મનોજ ખંડેરિયાની પંક્તિ સાથે વસંતોત્સવને વધાવીએ, 'આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના, ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના.....'





## 'હૅપ્પી બીઝ' પ્રિ-પ્રાઈમરીનાં ભૂલકાઓ ગણેશ-શિવાય જેવાં ગીતો પર નાચ્યાં



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સૅક્ટર-૨૬માં આવેલી વાયબ્રન્ટ ડિજીટલ પ્રિસ્કૂલનો રંગબેરંગી કાર્યક્રમ 'હૅપ્પી બીઝ'ના નામે ઉજવાઈ ગયો. ગણેશ વંદના, ઓમ નમઃ શિવાય જેવી ધાર્મિક ધૂનો સાથે વાકાવાકા, ઘૂમર, બાપુ હાનિકારક પર પણ બાળકો મન મૂકીને નાચ્યાં હતાં.

પ્રિન્સિપાલ હેતલ મહેતાના માર્ગદર્શન હેઠલ તૈયાર કરાયેલા આ કાર્યક્રમમાં બાજીરાવ મસ્તાનીના ગીતના મસ્ત કોશ્ચ્યુમ પર ખૂબ સુંદર ડાન્સ રજૂ થયો. શાળાના ટીચર્સ મૉમિટી, સુપ્રિયા, રિટા અને સ્નેહલતાએ બાળકોને તૈયારી કરાવી હતી. કાર્યક્રમનું સુંદર હિન્દી-અંગ્રેજીમાં ઍન્કરિંગ ચંદ્રકાન્તાબેને કર્યું હતું.

આ કાર્યક્રમમાં મહેમાન તરીકે ડૅપ્યુટી મેયર જીગાબાપુ, જાણીતા બિલ્ડર જગત કારાણી, ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે દીપ પ્રાગટ્ય અને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સ્ટાફના કર્મચારીઓને પ્રિન્સિપાલના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે વિશેષ હાજરી આપી હતી. ભૂલકાઓનાં ભારતીય સંસ્કૃતિ અંગેનાં નૃત્યો માણવાલાયક બની રહ્યાં હતાં.

## વાચકોને આમંત્રણ

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**